/

૫

વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો માટે અમદાવાદ અને વડોદરા ખાતે સ્પેશ્યલ હોમ શરૂ કરવા મહેકમ અંગેની મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦૨૦૧૬/૬૯૭૭૫૪/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૯/૦૫/૨૦૧૮

**<u>વંચાણે લીધા:-</u>**

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ જજઅ/ ૧૦૨૦૧૬/૬૯૭૭૫૪/ન.બા./છ, તા.૧૦/૦૪/૨૦૧૭.

(૨) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટીનો તા.૩૦/૧૨/૨૦૧૭નો પત્ર ક્રમાંકઃ આઇસીપીએસ/જીએસસીપીએસ/૦૦૬ /૨૦૧૭-૧૮/૫૯૨૮.

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો તા.૦૫/૦૪/૨૦૧૮નો પત્ર ક્રમાંકઃ સસુખા/CPD/૨૦૧૭-૧૮/૭૫૧.

**<u>આમુખ :-</u>**

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની ઇન્ટીગ્રેટેડ ચાઇલ્ડ પ્રોટેક્શન સ્કીમ (ICPS)ની ગાઇડ લાઇનના પરિશિષ્ટ-૫ના પેરા-૪ મુજબ ખાસ કે વિશિષ્ટ જરૂરીયાતવાળા ૧૦ બાળકો માટે ખાસ પ્રકારનું એકમ ઉભું કરવા માટેના અંદાજીત ખર્ચની જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં ૧૦ બાળકોની સંસ્થા માટે બાંધકામ કે નિભાવ માટેની ગ્રાન્ટની જોગવાઇ છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક: (૧)ના ઠરાવથી ભારત સરકારની ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ પ્રોટેક્શન સ્કીમ (ICPS) CSS(60:40)ની ગાઈડ લાઈન અંતર્ગત રાજ્યનાં ખાસ વિશિષ્ટ જરૂરીયાતવાળા બાળકો માટે ખાસ પ્રકારનું એકમ ઉભું કરવા જુવેનાઇલ હોમ ફોર ગર્લ્સ, અમદાવાદ ખાતે તથા ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, વડોદરા ખાતે વિશિષ્ટ જરૂરીયાત વાળાં ૧૦ બાળકો માટેનું એક એકમ લેખે કુલ બે એકમ ઉભા કરવા માટે કુલ રૂ.૧૮.૨૩ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક: (૨)ના તા.૩૦/૧૨/૨૦૧૭ના પત્ર તથા વંચાણે લીધેલ ક્રમાંક: (૩)ના પત્રથી મળેલ સ્પષ્ટતા મુજબ વંચાણે લીધેલ ક્રમાંક: (૧)ના વિભાગના તા.૧૦/૦૪/૨૦૧૭ના ઠરાવમાં વિશિષ્ટ જરૂરીયાતવાળા બાળકો માટે ખાસ પ્રકારનું એકમ જુવેનાઇલ હોમ ફોર ગર્લ્સ, અમદાવાદ ખાતે તથા ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, વડોદરા ખાતે શરૂ કરવા મંજૂર થયેલ મહેકમ અંગેની મંજૂરી આપવાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે ઉપર્યુક્ત વિગતો તેમજ વંચાણે લીધેલા ક્રમાંક: (૧) પરના વિભાગના ઠરાવ તેમજ વંચાણે લીધેલા ક્રમાંક: (૨) અને (૩) પરના પત્રની વિગતે જુવેનાઇલ હોમ ફોર ગર્લ્સ, અમદાવાદ તથા ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, વડોદરા ખાતે વિશિષ્ટ જરૂરીયાત વાળાં ૧૦ બાળકો માટેનું એક એકમ લેખે કુલ બે એકમ ઉભા કરવા માટે એક એકમ દીઠ કુલ ૩(ત્રણ) જગ્યાઓનું મહેકમ ગણતા બે એકમ માટે કુલ ૬(છ) જગ્યાઓ ૧૧ માસ માટે કરારથી માસિક ફીક્સ પગારનાં ધોરણે નીચે મુજબનું મહેકમ અને તેના માસિક વેતનનો ખર્ચ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

૧૦ બાળકો માટેના એક એકમ માટે મંજૂર થયેલ જગ્યાઓ

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | માસિક ફીક્સ પગાર રૂ. |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧. | એક વિશિષ્ટ તાલીમ આપનારવિશેષજ્ઞ / | ૧ | રૂ.૧૪૦૦૦,/- |
| ૨. | એક મહિલા નર્સ | ૧ | રૂ.૧૦,૦૦૦/- |
| ૩. | એક સંભાળ લેનારવ્યવસાયિક તાલીમના -સહ - ઇન્સ્ટ્રક્ટર | ૧ | રૂ.૭,૫૦૦/- |
| | કુલ - | ૩ | |

અન્ય શરતો આ વિભાગના તા.૧૦/૦૪/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૧૬/૬૯૭૭૫૪/ન.બા./છ માં જણાવ્યા પ્રમાણેની યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( મહેન્દ્ર ચૌહાણ )
ઉપ સચિવ ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અમદાવાદ / વડોદરા.
- ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસરશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ / વડોદરા.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- ડિસ્ટ્રિક્ટ ચાઇલ્ડ પ્રોટેક્શન યુનિટ, અમદાવાદ / વડોદરા.
- છ-૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ - વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતીસહ.
- સિલેક્ટ ફાઈલ.